મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૮-૦૨-૨૦૨૬
બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૦૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### ઈ-મેલ મારફતે ધમકી મળતા કોર્ટ સંકુલ ખાલી કરાવાયું, બોમ્બ–ડોગ સ્કવોડ દ્વારા સઘન તપાસ

# મહેસાણા ડિસ્ટ્રિક્ટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી હડકંપ










(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

રાજયમાં છેલ્લા કેટલાક સમયથી મહત્વની કચેરીઓ અને જાહેર સ્થળોને નિશાન બનાવવાની ધમકીઓનો સિલસિલો યથાવત રહ્યો છે. અમદાવાદ, વડોદરા, વલસાડ અને ગાંધીનગર બાદ હવે મહેસાણા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. આ ધમકી કોર્ટના સત્તાવાર ઈ-મેલ આઈડી પર મોકલવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મહેસાણા ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઈ-મેલ હેન્ડલ પર અજાણ્યા શખ્સ દ્વારા કોર્ટ સંકુલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો મેલ મોકલવામાં આવ્યો હતો. મેલની જાણ થતાં જ કોર્ટ પ્રશાસન અને પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. સુરક્ષાના કારણોસર સાવચેતીરૂપે આખું કોર્ટ સંકુલ તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. કોર્ટમાં હાજર વકીલો, અસીલો અને કર્મચારીઓને સલામત રીતે બહાર કાઢી મુખ્ય ગેટ બંધ કરી દેવામાં આવ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટ પરિસરમાં પોલીસનો મોટો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસ સાથે ડોગ સ્કવોડની ટીમે કોર્ટ બિલ્ડિંગના ખૂણેખૂણામાં ઝીણવટભર્યુ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. સાથે જ આ ઈ-મેલ ક્યાંથી અને કોણે મોકલ્યો છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.કોર્ટ પરિસરને નિશાન બનાવવાની ધમકી મળ્યા બાદ તકેદારીના ભાગરૂપે ગાંધીનગરથી બોમ્બ સ્કવોડની વિશેષ ટીમ પણ મહેસાણા દોડી આવી હતી. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા સમગ્ર કોર્ટ સંકુલમાં સઘન તપાસ હાથ ધરાઈ હતી. અચાનક ઊભી થયેલી પરિસ્થિતિને પગલે કોર્ટમાં હાજર વકીલો, અસીલો અને કર્મચારીઓમાં ભારે ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો.

પોલીસે સુરક્ષાના ભાગરૂપે કોર્ટ પરિસરને સંપૂર્ણ રીતે કોર્ડન કરી લીધો છે. આ ધમકીભર્યો ઈ-મેલ કોણે અને કયા હેતુથી મોકલ્યો છે તે અંગે સાયબર ક્રાઈમ સેલ અને સ્થાનિક પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. હાલ સમગ્ર કોર્ટ સંકુલમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સઘન ચેકિંગ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે.

### ઊંઝા સાંઇ બાબા મંદિરે દિવ્યાંગ યાત્રિકો માટે માનવસેવાનો સરાહનીય પ્રયાસ

## અંબાજી જતાં દિવ્યાંગ ભાઈ-બહેનોને લાલ રૂમાલ અને તાજાનાસ્તાનું કરાયેલ વિતરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

આજરોજ ઉંજા સાંઈ બાબા મંદિર ખાતે સર્વ સમાજ સેવા ગ્રુપ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનવસેવાનો અનોખો અને પ્રશંસનીય કાર્યક્રમ યોજાયો હતો. ઉંજા પરથી અંબાજી દર્શન માટે થ્રી વ્હીલર દ્વારા જતા દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને ટ્રસ્ટ દ્વારા લાલ રૂમાલ તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યનો હેતુ દિવ્યાંગ યાત્રિકોને ધાર્મિક યાત્રા દરમિયાન સન્માન, સહારો અને પ્રોત્સાહન પૂરુ પાડવાનો રહ્યો હતો. ટ્રસ્ટના આ પ્રયાસને યાત્રિકોએ ખૂબ જ આવકાર્યો હતો અને આ સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



આ પ્રસંગે સર્વ સમાજ સેવા ગ્રુપ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રદેશ પ્રમુખ શ્રી જયેશસિંહ ઠાકોર, ભાજપ ઉંજા તાલુકાના હર્ષદભાઈ પટેલ, ગૌતમભાઈ પટેલ, રમેશભાઈ પ્રજાપતિ, રમેશચંદ્ર શર્મા, ચિંતનભાઈ ભુવાજી, અશોકભાઈ દરજી, વિક્રમસિંહ વાઘેલા, ચંદનજી ઠાકોર સહિત ટ્રસ્ટના હોદેદારો હાજર રહ્યા હતા. ઉંજા તાલુકાની સર્વ સમાજ સેવા ગ્રુપ ટીમ તરફથી પરબતજી ઠાકોર, આકાશભાઈ દરજી, દશરતભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ ગોસ્વામી સહિતના કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સર્વ સમાજ સેવા ગ્રુપ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના નબળા અને દિવ્યાંગ વર્ગ માટે સતત કરવામાં આવતા સેવા કાર્યોને લોકો તરફથી વખાણ મળી રહ્યા છે.

### મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લાની આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરાઈ

## મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ ૧૬,૨૨,૫૩૭ મતદારો નોંધાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અભિષેક પરમારના જણાવ્યા પ્રમાણે ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ **(SIR)** હાથ ધરવામાં આવી છે. ગત તા.૨૭ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી **SIR** (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની સતત સાડા ત્રણ માસ સુધી હાથ ધરવામાં આવેલી વિવિધ તબક્કાઓની અસરકારક કામગીરી બાદ આજ રોજ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી હક્ક-વાંધા-




દાવાઓ તા.૧૯-૧૨-૨૦૨૫થી તા.૩૦-૦૧-૨૦૨૬ દરમિયાન રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તા.૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલ પણ કરવામાં આવ્યો હતો.

મહેસાણા જિલ્લામાં આજે પ્રસિદ્ધ થયેલ આખરી મતદાર યાદી મુજબ કુલ મતદારો ૧૬,૨૨,૫૩૭ નોંધાયા છે. જેમાં ૨૦- ખેરાલુ વિધાનસભા મતવિસ્તારમાં ૩૯૫૬ નવા મતદારો ઉમેરાયા, ૬૨૩ મતદારો કમી થયા એમ મળી કુલ મતદારો ૨,૨૧,૫૧૪ નોંધાયા, ૨૧- ઊંઝા વિધાનસભા મતવિસ્તારમાં ૪૪૧૮ નવા મતદારો ઉમેરાયા, ૧૯૨૪ મતદારો કમી થયા એમ મળી કુલ મતદારો ૨,૨૦,૨૬૭ નોંધાયા, ૨૨- વિસનગર વિધાનસભા મતવિસ્તારમાં ૩૪૨૫ નવા મતદારો ઉમેરાયા, ૮૧૮ મતદારો કમી થયા એમ મળી કુલ મતદારો ૨,૧૩,૮૭૧ નોંધાયા, ૨૩- બેચરાજી વિધાનસભા મતવિસ્તારમાં ૫૪૧૮ નવા મતદારો ઉમેરાયા, ૮૫૬ મતદારો કમી થયા એમ મળી કુલ મતદારો ૨,૪૬,૬૮૬ નોંધાયા, ૨૪- કડી વિધાનસભા મતવિસ્તારમાં ૫૪૬૫ નવા મતદારો ઉમેરાયા, ૯૦૯ મતદારો કમી થયા એમ મળી કુલ મતદારો ૨,૬૧,૪૨૭ નોંધાયા, ૨૫- મહેસાણા વિધાનસભા મતવિસ્તારમાં ૬૮૬૧ નવા મતદારો ઉમેરાયા, ૨૦૧૨ મતદારો કમી થયા એમ મળી કુલ મતદારો ૨,૫૦, ૫૨૨ નોંધાયા અને ૨૬- વિજાપુર વિધાનસભા મતવિસ્તારમાં ૩૧૧૨ નવા મતદારો ઉમેરાયા, ૭૭૨ મતદારો કમી થયા એમ મળી કુલ મતદારો ૨,૦૮,૨૫૦ નોંધાયા છે.

વધુમાં જણાવ્યા પ્રમાણે મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ અંતર્ગત ગણતરી ફોર્મ **(Enume®aion Form)** વિતરણ તેમજ પરત મેળવી તેને ડિજિટાઈઝ કરવાની કામગીરી ᠁ દ્વારા તા.૦૪/૧૧/૨૦૨૫થી ૧૪/૧૨/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે. **SIR-** ૨૦૨૬ કાર્યક્રમ દરમિયાન જિલ્લા સ્તરે સમયાંતરે માન્ય રાજકીય પક્ષો સાથે મીટીંગનુ આયોજન કરવામાં આવેલ તેમજ તેમના દ્વારા નિયુક્ત **BLAs** ને સમયાંતરે કાર્યક્રમની માહિતીથી અવગત કરવામા આવ્યા હતા. તેમજ જિલ્લામાં મતદારોને મદદરૂપ થવા માટે મતદાર નોંધણી અધિકારી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કક્ષાએ હેલ્પ ડેસ્કની સુવિધા શરુ કરવામા આવેલ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ પણ પાત્રતા ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચની મોબાઈલ એપ્લિકેશન ECINa App અને વેબસાઈટ **http://vOers. eci. gov. in/** ઉપર ઑનલાઈન પણ ફોર્મ ભરી શકશે અને પોતાના નામની ચકાસણી પણ કરી શકશે. આ ઉપરાંત સંબંધીત મતદાર નોંધણી અધિકારી અથવા તો કલેકટર કચેરીએ અને પોતાના વિસ્તારના **BLO** નો સંપર્ક કરીને અરજી કરી શકશે. હાલ મતદારોને તેઓના મતદાર ઓળખપત્ર **(EPIC)** ની વહેંચણીની કામગીરી કરવામાં આવી રહી છે. મતદારોને પોસ્ટ દ્વારા **EPIC** તેમના ઘરે પહોંચાડવામાં આવશે. નવું નામ નોંધાવવા માટેની તથા સુધારા માટેની અરજી મંજૂર થયેથી **e-EPIC** પણ ડાઉનલોડ કરવાની સુવિધા પણ ભારતના ચૂંટણીપંચ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.જિલ્લા ચૂંટણી તંત્ર મહેસાણા દ્વારા ચોક્કસ, સમાવેશી અને ક્ષતિરહિત મતદાર યાદી સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે. મતદાર નોંધણી અધિકારીઓને સહયોગ આપવા અને લોકશાહીની આ નિરંતર ચાલતી પ્રક્રિયામાં સક્રિય સહભાગી થવા મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ કે.પ્રજાપતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ પણ નવી કચેરી માટે જગ્યા ન ફાળવાતા અંતે જૂની ઇમારતને નવજીવન આપવાનો નિર્ણય

# મહેસાણા મનપાની ૪૪ વર્ષ જૂની ઇમારતનું ૩ કરોડના ખર્ચે રિનોવેશન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

મહેસાણાને મહા નગરપાલિકાનો દરજ્જો મળ્યાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજી સુધી નવી મુખ્ય કચેરી માટે યોગ્ય જગ્યાની ફાળવણી ન થવાને કારણે વહીવટી તંત્ર માટે વિકલ્પરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પરિસ્થિતિમાં વર્ષ ૧૯૮૨માં નિર્મિત અને અંદાજે ૪૪ વર્ષ જૂની જર્જરિત ઈમારતને જ નવો ઓપ આપી આધુનિક સ્વરૂપ આપવા માટે રિનોવેશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

મનપા તંત્ર દ્વારા લેવામાં આવેલા નિર્ણય અનુસાર આશરે ૩ કરોડ રૂપિયાના ખર્ચે મુખ્ય કચેરી અને ઝોન કચેરીનું રિનોવેશન કરવામાં આવશે. હાલ આ કામગીરીને વેગવંત બનાવવામાં આવી છે, જેથી વહીવટી કામગીરી વધુ સુચારુ બની શકે અને નાગરિકોને વધુ સુવિધાજનક સેવા મળી રહે.

આ મરામત કાર્ય અંતર્ગત જૂની ઈમારતના બાહ્ય દેખાવમાં નોંધપાત્ર ફેરફાર કરવામાં આવશે. બિલ્ડિંગને **ACP** શીટ લગાવી એલિવેટેડ અને આકર્ષક લુક આપવામાં આવશે.



ટેકનિકલ અંદાજ મુજબ આ ફેરફારોને કારણે વર્તમાન ઈમારતનું આયુષ્ય અંદાજે ૭ વર્ષ જેટલું વધશે.

બાહ્ય માળખા ઉપરાંત આંતરિક માળખામાં પણ ધરખમ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. મેયર તેમજ વિવિધ સમિતિના ચેરમેનો માટે અલગ-અલગ ચેમ્બર્સ બનાવવામાં આવશે, જ્યારે વિવિધ વહીવટી શાખાઓ માટે સુવ્યવસ્થિત અને આધુનિક કેબિન્સ તૈયાર કરાશે.

નાગરિકો અને કર્મચારીઓની સુવિધા વધારવાના હેતુથી મુખ્ય કચેરી અને ઝોન કચેરીમાં બે નવા અત્યાધુનિક કોન્ફરન્સ હોલ, આધુનિક ટોયલેટ બ્લોક્સ, આરામદાયક વેઈટિંગ એરિયા તેમજ પીવાના શુદ્ધ પાણી માટે **RO** પ્લાન્ટ જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે.લાંબા સમયથી સતાવતી પાર્કિંગની અવ્યવસ્થાને દૂર કરવા માટે પણ આયોજનબદ્ધ સુધારા હાથ ધરવામાં આવ્યા છે, જેથી નાગરિકો તેમજ કર્મચારીઓને વાહન પાર્કિંગમાં સહેલાઈ રહે. આ ઉપરાંત કચેરીની મુખ્ય ઓળખ સમાન 'મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશન' લખેલું ભવ્ય અને ડેકોરેટિવ બોર્ડ પણ સ્થાપિત કરવામાં આવશે, જે કચેરીના આકર્ષણમાં વધારો કરશે.

મનપા તંત્રના જણાવ્યા અનુસાર આ રિનોવેશન કામગીરી પૂર્ણ થયા બાદ શહેરના નાગરિકોને વધુ સુવિધાજનક, વ્યવસ્થિત અને આધુનિક કચેરીનો અનુભવ મળશે તેમજ મહાનગરપાલિકાની કામગીરીમાં પણ ગતિ અને કાર્યક્ષમતા આવશે.




# વેપાર કરારોથી આગળના પડકારો

વિશ્વમાં એવો કોઈ દેશ નથી જે ફક્ત વેપાર વિના આત્મનિર્ભરતાના બળ પર આર્થિક મહાસત્તા બન્યો હોય. આર્થિક ઈતિહાસકાર એંગસ મેડિસનના મતે, ભારત પણ વેપાર દ્વારા આર્થિક મહાસત્તા બન્યું. તેનું અર્થતંત્ર વિશ્વના અર્થતંત્રના એક ચતુર્થાંશથી વધુ થઈ ગયું, જેના કારણે તેને ×સોનેરી પક્ષી× ઉપનામ મળ્યું. આધુનિક યુગમાં, બ્રિટનથી યુનાઈટેડ સ્ટેટ્સ સુધીનો દરેક દેશ વેપાર દ્વારા આર્થિક મહાસત્તા બન્યો છે, અને હવે ચીન પણ તે જ માર્ગ પર છે.

અમેરિકન અને યુરોપિયન બજારોમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યા પછી, તેણે સંરક્ષણવાદના અવરોધો ઉભા થયા તે પહેલાં જ વેપાર કરારો દ્વારા તેના માલ માટે નવા બજારો ખોલવાનું શરૂ કર્યું. ચાર વર્ષ પહેલાં હસ્તાક્ષર કરાયેલ ઈઝઈ, અથવા પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી કરાર, આ વલણ તરફ એક પગથિયું હતું, જેમાં ચીન અને જાપાનથી લઈને ન્યુઝીલેન્ડ સુધીના ૧૫ દેશોનો સમાવેશ થતો હતો.

મુક્ત વેપાર કરારો પરસ્પર વેપાર વધારવા અને આર્થિક મહાસત્તા બનવાનો માર્ગ મોકળો કરે છે. ભારતે પણ યુરોપ સાથે કરાર કરીને અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે તેના માળખાને અંતિમ સ્વરૂપ આપીને સમાન માર્ગ ખોલ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપ પહેલાં, તેણે છજીઈછદ્ર, જાપાન, યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, સિંગાપોર, ઓમાન, મોરેશિયસ અને યુરોપિયન મુક્ત વેપાર સંગઠનના ચાર સભ્યો સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ સાથે વેપાર કરાર માટે વાટાઘાટો ચાલી રહી છે. પૂર્ણ થયા પછી, વિશ્વના જીડીપીના ૬૦ ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરતા બજારો ભારત માટે ખુલશે. આ પરિવર્તન એવા દેશ માટે પરિવર્તનથી ઓછું નથી જેણે ૪૦ વર્ષના સંરક્ષણવાદથી તેની અર્થવ્યવસ્થાને નાદાર બનાવી દીધી છે.

એ પણ સાચું છે કે ફક્ત વેપાર કરારો અને મુખ્ય બજારોમાં પ્રવેશ કોઈ દેશને વ્યાપારી અને આર્થિક મહાસત્તા બનાવી શકતા નથી. આ હાંસલ કરવા માટે, ઉચ્ચ ગુણવત્તાવાળા માલનું ઉત્પાદન અને આકર્ષક ભાવે વેચાણ કરવું આવશ્યક છે. ઉદ્યોગો સ્થાપિત કરવા માટે લાઈસન્સ રાજ અને અમલદારશાહીના બંધનો હળવા કરવા આવશ્યક છે. જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોમાં તેમજ એવા ક્ષેત્રોમાં સંશોધન, વિકાસ અને નવીનતા વધારવી આવશ્યક છે જ્યાં દેશ અન્ય કરતા આગળ છે.

મૂડી સુલભ બનાવવી આવશ્યક છે અને માળખાગત સુવિધાઓમાં સુધારો કરવો આવશ્યક છે. આ પગલાંથી ચીન ટ્રમ્પના ટેરિફ યુદ્ધ દરમિયાન પણ ભારતના ર્ઙ્ખ કરતા દોઢ ગણો વેપાર કરી શક્યું છે. આજે, વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો ફક્ત ૩.૫ ટકા છે, જ્યારે ચીનનો હિસ્સો લગભગ ૧૪ ટકા છે. તેના પરાકાષ્ઠાના સમયમાં, વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો લગભગ ૩૦ ટકા હતો.

તાજેતરમાં, બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરની ચીન મુલાકાત દરમિયાન, એક બ્રિટિશ સાયકલ ઉત્પાદકને પૂછવામાં આવ્યું કે ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વ્યવસાય કરવાનું ક્યાં સરળ છે. તેમણે તરત જ જવાબ આપ્યો, ×ચીન,× જ્યાં થોડા અઠવાડિયામાં વ્યવસાય શક્ય છે અને વેપાર નીતિ વિશે નિશ્ચિતતા છે. મોટા પાયે વિદેશી મૂડી આકર્ષવા માટે ભારતે પણ વ્યવસાયોમાં સમાન વિશ્વાસ જગાડવાની જરૂર પડશે.

કેન્દ્ર સરકાર અને રાજ્યોની સક્રિય અને સકારાત્મક ભાગીદારી વિના આ શક્ય બનશે નહીં, કારણ કે ઉદ્યોગોને જમીન, કામદારો, વીજળી અને માળખાગત સુવિધાઓની જરૂર હોય છે, જે બધા રાજ્યોના અધિકારક્ષેત્રમાં આવે છે જે રોકાણ આકર્ષવા માટે એકબીજા સાથે સ્પર્ધા કરવાને બદલે, અવરોધો ઉભા કરે તેવી શક્યતા વધુ હોય છે.વેપાર કરાર કરીને, ભારતે અમેરિકા, યુરોપ, જાપાન અને રશિયા જેવા વિશ્વના સમૃદ્ધ બજારો માટે દરવાજા ખોલી નાખ્યા છે. જોકે, તેના માલની માંગ વધારવા માટે, તેણે તેની ગુણવત્તામાં સતત સુધારો કરવો પડશે અને આકર્ષક ભાવે વેચવું પડશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## સીએ દ્વારા ભવિષ્યમાં આવું વર્તન નહી કરવાની ખાતરી

# રાજકીય પક્ષોને દાનના કેસમાં ૧૧ જેટલા સીએને આઈસીઆઈએ માત્ર ઠપકો આપ્યો




અમદાવાદ,તા.૧૭

રાજકીય પક્ષોને દાનના બોગસ કેસમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના બોર્ડ ઓફ ડિસિપ્લિન દ્વારા અમદાવાદના ૧૧ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ(CA)ને દોષિત ઠેરવવામાં આવ્યા હતા.બોર્ડે તેના આદેશમાં નોંધ્યું કે, આ કેસમાં સંડોવાયેલા રાજકીય પક્ષો સામે આવકવેરા વિભાગ દ્વારા રિ-એસેસમેન્ટની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી કે તેમની સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. CA દ્વારા બોર્ડને સહાનુભૂતિપૂર્વક વિચારવાની વિનંતી કરી હતી અને ભવિષ્યમાં આવું વર્તન નહીં કરે તેવી ખાતરી આપવામાં આવી હતી. તેમની રજૂઆતોને ધ્યાનમાં રાખીને બોર્ડે માત્ર ઠપકો આપવાનો આદેશ આપ્યો હતો.

આદેશમાં જણાવાયું હતું કે, કેસની હકીકતોને ધ્યાનમાં લેતા, જેમાં આવકવેરા વિભાગ દ્વારા કોઈ પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું નથી કે સંકળાયેલા રાજકીય પક્ષો સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી, અને ઝછ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં રાખીને, બોર્ડે તેમને ઠપકો આપવાનું નક્કી કર્યું છે.

બોર્ડે એ પણ અવલોકન કર્યું હતું કે, આ ઝછ સભ્યોએ ૨૦૨૧ માં આપેલા તેમના નિવેદનો લગભગ બે વર્ષ પછી ૨૦૨૩ માં એફિડેવિટ દ્વારા પાછા ખેંચ્યા હતા. બોર્ડે નોંધ્યું કે તેઓ લાંબા સમય સુધી તેમના મૂળ નિવેદનો પર અડગ રહ્યા હતા અને જ્યારે શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો ત્યારે જ તેને પાછા ખેંચવાનો પ્રયાસ કર્યો હતો.

આ કેસ ફેબ્રુઆરી ૨૦૨૧ માં અમદાવાદ સ્થિત ત્રણ રાજકીય પક્ષો અને બે ચેરિટેબલ સંસ્થાઓ પર આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કરવામાં આવેલા સર્ચ અને સીઝર ઓપરેશનમાંથી ઉદભવ્યો હતો. વિભાગે મોટા પાયે ટેક્સ ચોરીની આશંકા વ્યક્ત કરી હતી.

# ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો નિર્ણય : ૨૦૦૨ના રમખાણ પીડિતો માટે વધારાના વળતરની માંગ કરતી અરજી ફગાવી




અમદાવાદ તા.૧૭

ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૨ના ગોધરા કાંડ પછીના કોમી રમખાણોના પીડિતો માટે જાહેર કરાયેલા રાહત અને પુનઃવસન પેકેજ હેઠળ વધારાના વળતરની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે.

અદાલતે અવલોકન કર્યું હતું કે, અરજદારની માંગણીઓ અત્યંત સામાન્ય અને અસ્પષ્ટ પ્રકારની છે, જેમાં કયા પ્રકારની ખામી રહી ગઈ છે કે કઈ શ્રેણી હેઠળ વળતર બાકી છે તેની કોઈ ચોક્કસ વિગતો આપવામાં આવી નથી.

જસ્ટિસ અનિરુદ્ધ પી. માયીએ આ કેસની સુનાવણી કરતા જણાવ્યું હતું કે, પૂરતા પુરાવાઓ અને વિશિષ્ટ વિગતોના અભાવે સરકારને સામાન્ય રીતે ઠરાવો લાગુ કરવાનો આદેશ આપી શકાય નહીં.

અદાલતે આ અરજીને ગુણદોષના અભાવે રદ કરી હતી. સરકાર તરફથી રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકાર પાસેથી મળેલી રાહત રકમમાંથી ૯૯ ટકાથી વધુ રકમ પીડિતોને વહેંચી દેવામાં આવી છે. બાકી રહેલી રકમ લાભાર્થીઓની બિન-ઉપલબ્ધતા અથવા જરૂરી દસ્તાવેજોના અભાવે વિતરીત થઈ શકી નથી.

શું હતો સમગ્ર મામલો?

અરજદાર મહેબૂબ ફખરુદ્દીન વખારિયાએ અદાલતમાં રજૂઆત કરી હતી કે અમદાવાદના નારોલ વિસ્તારમાં તેમની પવખારિયા ગ્લાસ વર્ક્સથ નામની ફેક્ટરી આવેલી હતી. ૨૦૦૨ના રમખાણો દરમિયાન તેમની ફેક્ટરીમાં લૂંટફાટ અને નુકસાન થયું હતું.

જેના કારણે તેમને અંદાજે ૯.૨૫ લાખનું નુકસાન થયું હોવાનો દાવો કર્યો હતો. તેમણે કેન્દ્ર સરકારના ૨૦૦૭ના પત્રનો હવાલો આપીને વીમો ન લીધો હોય તેવી વ્યાપારી મિલકતો માટે વધારાના વળતરની માંગ કરી હતી.

સરકારની દલીલો અને કોર્ટનું તારણ

સરકાર તરફથી એજીપીએ દલીલ કરી હતી કે અરજદારે ૨૦૦૨ના સરકારી ઠરાવો મુજબ પહેલેથી જ લોન સુવિધાઓ અને રાહતનો લાભ લીધો છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તેમના નુકસાનનું મૂલ્યાંકન ૨.૧૦ લાખ કરવામાં આવ્યું હતું, જેના આધારે તેમને લોન માટે ભલામણ પત્ર પણ આપવામાં આવ્યો હતો. અરજદારે તે સમયે આ મૂલ્યાંકનને કોઈ પણ ફોરમમાં પડકાર્યું ન હતું.અદાલતે નોંધ્યું હતું કે ૨૦૦૯માં દાખલ કરવામાં આવેલી આ અરજીમાં માત્ર સામાન્ય નિર્દેશો માંગવામાં આવ્યા હતા. અરજદાર એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા હતા કે કયા કાયદાકીય હક હેઠળ તેમને વધારાનું વળતર મળવાપાત્ર છે.

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે કોઈ વિશિષ્ટ શ્રેણી કે હક દર્શાવવામાં ન આવ્યો હોય, ત્યારે અદાલત સરકારને રાહત પેકેજ લાગુ કરવા માટે પરીટ ઓફ મેન્ડમસથ (પરમાદેશ) જારી કરી શકે નહીં. આ ચુકાદા સાથે કોર્ટે લાંબા સમયથી પડતર આ મામલાનો નિકાલ કર્યો છે.

## સંસદ, સુપ્રીમ કોર્ટ, હાઇકોર્ટની કાર્યવાહી લાઇવ થાય તો ધારાસભાની કેમ નહીં?

# વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરો : ‘આપ’ના ધારાસભ્યોના સુત્રોચ્ચાર




ગાંધીનગર, તા. ૧૭

વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવાની માંગ સાથે આપના ધારાસભ્યોએ સંકુલમાં સુત્રોચ્ચાર કર્યા હતા અને સદનની પારદર્શિતા સામે સવાલો ઉઠાવ્યા હતા. ગોપાલ ઈટાલિયા સહિતના નેતાઓએ સરકારને ઘેરતા જણાવ્યું કે જ્યારે દેશની સર્વોચ્ચ સંસ્થાઓ લાઈવ હોઈ શકે, તો ગુજરાત વિધાનસભા કેમ નહીં?

ધારાસભ્યોએ એવો સવાલ ઉઠાવ્યો હતો કે, જો સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ અને સંસદનું જીવંત પ્રસારણ થઈ શકતું હોય, તો ગુજરાત વિધાનસભામાં કેમ અવરોધ? અન્ય ઘણા રાજ્યોમાં વિધાનસભાની કાર્યવાહી જનતા લાઈવ જોઈ શકે છે, જે સુવિધા ગુજરાતમાં નથી. ગોપાલ ઈટાલિયાએ સવાલ કર્યો કે, સદનમાં એવું તો શું ચાલે છે જે જનતાથી છુપાવવામાં આવી રહ્યું છે?

જનતાએ જેમને મત આપીને મોકલ્યા છે, તે ધારાસભ્યો અને મુખ્યમંત્રી ગૃહમાં શું કામગીરી કરે છે તે જોવાનો જનતાને પૂરો અધિકાર છે. આપના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે કદાચ સરકારને એ ડર છે કે જો જીવંત પ્રસારણ થશે, તો લોકોને ખબર પડી જશે કે ગૃહમાં માત્ર ભાષણબાજી થાય છે અને જનહિતના કામોની ચર્ચા થતી નથી. આથી જ લોકોના ‘જાણવાના અધિકાર‘ પર તરાપ મારવામાં આવી રહી છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે

**વૃષભઃ** કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

**મિથુનઃ** ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

**કર્કઃ** કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

**સિંહઃ** ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

**કન્યાઃ** આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

**તુલાઃ** આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

**વૃશ્ચિકઃ** આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

**ધનઃ**ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

**મકરઃ**આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

**કુંભઃ** વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

**મીનઃ** આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ઘસારાને લીધે તમે શારીરિક નબળાઇ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

## ફિલ્મી ગપશપ

# દિલ દહલાવી દેનારી હાર્ટ - હિટિંગ ફિલ્મ "અસ્સી"




મેમ, તે ભયાનક દિવસે દેશભરમાં ૮૦ રેપની ફરિયાદો નોંધાઈ હતી, જેમાંથી ૭૬નો ટ્રાયલ પણ શરૂ થઈ નહતી. લ્લઅસ્સી‘નો આ સંવાદ માત્ર દર્શકને વિચારવા મજબૂર કરતો નથી, પરંતુ સમાજ અને નબળી કાનૂની વ્યવસ્થાને પણ સવાલ કરે છે.

સામાજિક વિષયો પર પ્રહાર કરતી ફિલ્મો માટે જાણીતાં નિર્દેશક અનુભવ સિંહાની આ ફિલ્મ માત્ર ન્યાય મેળવવાના કોર્ટરૂમ ડ્રામા સુધી સીમિત નથી રહેતી, પરંતુ એવી માનસિકતા પર પ્રકાશ પાડે છે જે બળાત્કાર જેવા ગંભીર અપરાધોને સામાન્ય બનાવે છે.

એક શિક્ષિકા પર ગેંગરેપ પર તેના વિદ્યાર્થી વોટ્સએપ ગ્રુપમાં લખે છે, મને કેમ આમંત્રણ આપવામાં આવ્યું ન હતું? ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે સમાજ, નૈતિક મૂલ્યો અને ઉછેરની દ્રષ્ટિએ આપણે ક્યાં ખોટું થયું છે? વાર્તાની શરૂઆત એક હૃદયદ્રાવક ગુનાથી થાય છે જ્યાં શિક્ષક પરિમા (કની કુશ્રુતિ) પર ગેંગરેપ કરવામાં આવે છે અને પાટા પર ફેંકી દેવામાં આવે છે.પતિ વિનય (મોહમ્મદ જીશાન અયૂબ) અને નાનકડો દીકરો ધ્રુવ દુઃખી છે છતાં તેની સાથે ઊભા રહે છે. વકીલ રાવી (તાપસી પન્નૂ) ન્યાય માટે લડે છે, જ્યારે આરોપીના પિતા (મનોજ પાઠવા) પુરાવા છુપાવી તેમને બચાવવા પ્રયત્ન કરે છે. બીજી તરફ વિનયનો મિત્ર કાર્તિક (કુમુદ મિશ્રા) સિસ્ટમ સામે બળવો કરવા નીકળે છે.

ફિલ્મ કોઈ ચમક-ધમક વગર અત્યંત વાસ્તવિકતા રજૂઆત કરે છે, જે અંદર સુધી ઝંઝોળી દે છે. આ ફિલ્મ યાદ અપાવે છે કે સમાજમાં અપરાધ માત્ર આંકડા નથી, તે માનસિકતા અને મૂલ્યોનો પ્રશ્ન છે. પરિમાનો દુઃખ, વિનયની સંઘર્ષમય સ્થિતિ અને પ્રિન્સિપલ (સીમા પાઠવા)નો પ્રશ્ન અમે અભ્યાસમાં ટોપ થયા, નૈતિકતામાં ફેલ સમાજનો અરીસો બની જાય છે.

તાપસી પન્નૂનો અભિનય ફિલ્મનો પ્રાણ છે. કની કુશ્રુતીએ પીડિતાના ભાવોને ખૂબ જ સંવેદનશીલ રીતે રજૂ કર્યા છે. મોહમ્મદ જીશાન અયૂબ સંતુલિત અભિનય કરે છે. કુમુદ મિશ્રા, મનોજ પાઠવા, નસીરઉદ્દીન શાહ અને રેવતી જેવી સહાયક ભૂમિકાઓ પણ અસરકારક છે.

## શુક્રવારથી ગુજરાતના પ્રવાસે આવી રહેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતીન નબીનનો કાર્યક્રમ જારી

# સરકાર - સંગઠનના પદાધિકારીઓ સાથે મુલાકાત : ગીફ્ટ સીટી જશે : રીવરફ્રંટ પર મોર્નિંગ વોક પર જશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૭

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતીન નવીન તા.૨૦થી૨૨ સુધી ગુજરાતના પ્રવાસે છે. તેઓનો કાર્યક્રમ આજે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ શ્રી નીતિન નવીન ૨૦ ફેબ્રુઆરી એ પ્રથમ વખત ગુજરાત પ્રવાસે આવી રહ્યાં છે. તેઓના ત્રિ-દિવસીય ગુજરાત પ્રવાસ અંતર્ગત ૨૦, ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી દરમિયાન તેઓ અમદાવાદ અને ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

શ્રી નીતિન નવીન નું ૨૦ ફેબ્રુઆરી, શુક્રવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે અમદાવાદ ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પર આગમન થશે જ્યાં ભવ્ય સ્વાગત-અભિવાદન કાર્યક્રમના આયોજન સાથે ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓ તેઓને આવકારશે. ૨૦ ફેબ્રુઆરી, શુક્રવારે બપોરે ૩.૩૦ વાગ્યે શ્રી નીતિન નવીન અમદાવાદમાં નારણપુરા સ્થિત ય્જીઝ્ર બેંક ખાતે ગુજરાતના સંસદસભ્યો અને ધારાસભ્યો સાથે સંવાદ કરશે.



સાંજે ૫.૩૦ વાગ્યે તેઓ ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે ઈન્ડસ્ટ્રીયાલીસ્ટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ઉદ્યોગકારો, ડોક્ટર્સ, વિવિધ એસોસિયેશનના પદાધિકારીઓ સાથે ‘બજેટ મીટ’ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંવાદ કરશે. ગુજરાત પ્રવાસના બીજા દિવસે શ્રી નીતિન નવીન ૨૧ ફેબ્રુઆરી, શનિવારે સવારે ૬.૦૦ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કરશે. સવારે ૮.૪૫ વાગ્યે તેઓ અમદાવાદના પ્રાચીન, પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા નગરદેવી ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કરશે.

૨૧ ફેબ્રુઆરી, શનિવારે સવારે સવારે ૧૧.૦૦ વાગ્યે રાષ્ટ્રીય અધ્યક્ષ અધ્યક્ષ નીતિન નવીન ગુજરાત ભાજપા પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ‘, કોબા ગાંધીનગર ખાતે પ્રદેશ પદાધિકારીઓ, ગુજરાતભરમાંથી સંગઠનના હોદ્દેદારઓ, સિનિયર આગેવાનઓ અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. બપોરે ૨.૦૦ કલાકે પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ’ ગાંધીનગર ખાતે જ તેઓ સોશીયલ મીડિયા ટીમ સાથે પણ બેઠક કરી માર્ગદર્શન આપશે.

બપોરે ૪.૦૦ વાગ્યે તેઓ ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ખાતે યંગ વોઈસ સમિટમાં યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ ફાઉંડર્સને સંબોધિત કરશે.

અને સાંજે સાંજે ૫.૩૦ વાગ્યે તેઓ અમદાવાદના GMDC હોલ ખાતે બુથ કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરશે. ગુજરાત પ્રવાસના ત્રીજા દિવસે ૨૨ ફેબ્રુઆરી, રવિવારે શ્રી નીતિન નવીનજી અમદાવાદના ખાડિયા ખાતે સવારે ૧૦.૪૫ કલાકે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘મન કી બાત’ કાર્યક્રમને નિહાળશે. ૨૨ ફેબ્રુઆરીએ બપોરે સાડા બાર વાગ્યે તેઓ અમદાવાદ એરપોર્ટ થી દિલ્હી જવા રવાના થશે.

# ઐતિહાસિક વારસો ધરાવતું વડનગર બન્યું સંતુલિત વિકાસનું આદર્શ મોડલ

## વડનગરનો ૨૫૦૦ વર્ષ જૂનો ગૌરવશાળી ઇતિહાસ દર્શાવે છે આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ બન્યું વિશ્વનું પ્રથમ અનુભવાત્મક જ્ઞાન-આધારિત શિક્ષણ કેન્દ્ર

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળની ગુજરાત શહેરી વિકાસ કંપની અંતર્ગત ઐતિહાસિક સ્થળોનું પુનઃ સ્થાપન કાર્ય, રોડ-રસ્તાના વિકાસ કાર્યો, તળાવોના આંતરિક જોડાણ સહિતના વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે**

**ગાયોના સંરક્ષણ માટે દેશની પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌશાળાનું થશે નિર્માણ, જે ગ્રામીણ ગૌ-શાળા વિકાસનું આદર્શ મોડલ બનશે**

**વીજ વિભાગ અંતર્ગત અંડરગ્રાઉન્ડ ઇલેક્ટ્રિફિકેશન અને સોલરાઇઝેશન થકી વડનગરની થશે કાયાપલટ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ‘વિકાસ ભી, વિરાસત ભી’ના વિઝનને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર, રાજ્યમાં ઐતિહાસિક વારસાના સંરક્ષણ સાથે માળખાગત વિકાસનું સંતુલિત મૉડલ ઊભું કરી રહી છે. તેનું ઉત્તમ ઉદાહરણ છે ઐતિહાસિક શહેર વડનગર. લગભગ ૨,૫૦૦ વર્ષ જૂની સંસ્કૃતિ ધરાવતું વડનગર પુરાતત્વ, સંસ્કૃતિ અને ઇતિહાસનું જીવંત દ્રષ્ટાંત બન્યું છે. પુરાતત્વ અનુભવાત્મક સંગ્રહાલયનું નિર્માણ હોય કે નિર્માણાધીન દેશની પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌ-શાળા, કે પછી ઐતિહાસિક સ્થળોનું પુનઃસ્થાપન કાર્ય, ગુજરાત સરકારના સતત પ્રયાસોના કારણે વડનગર આજે એક ટકાઉ શહેરી મૉડલ તરીકે વિકસી રહ્યું છે.

### આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ

**વડનગરના ૨૫૦૦ વર્ષ જૂના ગૌરવશાળી ઇતિહાસને સંરક્ષિત કરવા માટે આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમનું ગત વર્ષે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ?૩૦૦ કરોડના ખર્ચે બનેલ આ સંગ્રહાલય ભારતનું એકમાત્ર સંગ્રહાલય છે જે નવા ખોદકામમાંથી મળેલી વસ્તુઓ પ્રદર્શિત કરે છે. મ્યુઝિયમમાં ૫ હજારથી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે અને વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો, વિવિધ ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરી પણ બનાવવામાં આવી છે. તો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની શૈક્ષણિક યાત્રા જ્યાંથી શરૂ થઈ હતી, તે પ્રેરણા સ્કૂલ (સંકુલ)ને ભવિષ્યની આધુનિક શૈક્ષણિક સંસ્થા તરીકે વિકસિત કરવામાં આવી છે, જેમાં નવી ટેક્નોલોજી દ્વારા શિક્ષણ અને નૈતિક મૂલ્યોનો અનોખો સંગમ છે. તે વિશ્વનું પ્રથમ અનુભવાત્મક જ્ઞાન-આધારિત શિક્ષણ કેન્દ્ર છે. આ ઉપરાંત, વડનગરમાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં હોસ્ટેલમાં કોચ ઓફિસ, રેક્ટર ક્વાર્ટર, આધુનિક રસોડું, ડાઇનિંગ રૂમ, રિક્રિએશન રૂમ સહિતની સુવિધાઓ તેમજ સોલાર સિસ્ટમ અને સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ થાય છે.**



PRERNA SCHOOL PRECINCT - AFTER



PRERNA SCHOOL PRECINCT – BEFORE







### વિશ્વકક્ષાનું હેરિટેજ-ટુરિઝમ ડેસ્ટિનેશન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે વડનગર

**વડનગરમાં કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, વડનગરના પ્રાચીન દરવાજા અને કિલ્લેબંધીના અવશેષો, હાટકેશ્વર મહાદેવ મંદિર અને આસપાસનો વિસ્તાર, બૌદ્ધ મઠના પુરાતત્વીય અવશેષો તેમજ તાના—રીરી સ્મારક વગેરે સ્થળોના રીસ્ટોરેશનથી શહેરનો સમૃદ્ધ વારસો જીવંત બન્યો છે. ઐતિહાસિક વારસાના સંરક્ષણ સાથે શહેરના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાના ગુજરાત સરકારના અભિગમના પરિણામે, વડનગર આજે વિશ્વકક્ષાનું હેરિટેજ-ટુરિઝમ ડેસ્ટિનેશન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.**

**ઉલ્લેખનીય છે કે, વડનગરને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરવા માટેનો પ્રસ્તાવ પણ સક્રિય છે, જે અંતર્ગત નોમિનેશન ડોસિયર અને સાઇટ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યા છે.**

### આવનારા સમયમાં આ વિકાસ કાર્યોથી વડનગરની થશે કાયાપલટ

**ભવ્ય વૃંદાવન ગૌ-શાળાઃ લગભગ ૧૫ કરોડના ખર્ચે દેશની પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌ-શાળાનું નિર્માણ કરવામાં આવશે. ગૌ-શાળાને ‘રૂરલ ઇનોવેશન હબ’ તરીકે વિકસિત કરવામાં આવશે અને તે ગાયોના સંરક્ષણ માટે ગ્રામીણ ગૌ-શાળા વિકાસનું આદર્શ મોડલ બનશે.**

**તળાવો અને જળાશયોનું આંતરિક જોડાણઃ વડનગરમાં ૪૦ થી વધુ તળાવો પરસ્પર જોડીને વરસાદી પાણીના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ તળાવોને ઊંડા તેમજ સુવ્યવસ્થિત કરીને સૌંદર્ય વધારવામાં આવશે. આ ઉપરાંત, કુદરતી ગ્રેવિટી ફ્લો સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે, જેના કારણે શહેરની વરસાદી પાણી નિકાલની વ્યવસ્થા મજબૂત બનશે.હેરિટેજ પરિસર અને ફસાડ ડેવલપમેન્ટઃ પ્રેરણા સ્કૂલ પરિસર, કીર્તિ તોરણ પરિસર, પથ્થરની હવેલી અને શર્મિષ્ઠા તળાવ આસપાસના વિસ્તારોમાં પરંપરાગત સ્થાપત્યને જાળવી ફસાડ અને હેરિટેજ પરિસર વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે, જેના કારણે ઐતિહાસિક વિસ્તારોનું સૌંદર્ય વધશે.હેરિટેજ રોડ અને જંકશન વિકાસ (ફેઝ-૨): શહેરના મુખ્ય માર્ગો અને જંકશનોનું હેરિટેજ થીમ આધારિત વિકાસ કરવામાં આવશે, જેથી ટ્રાફિક વ્યવસ્થા સુધરશે અને પ્રવાસીઓને સરળ અને આકર્ષક અનુભવ મળશે.**

**અંડરગ્રાઉન્ડ ઇલેક્ટ્રિફિકેશન અને સોલરાઇઝેશનઃ શહેરમાં ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. સાથે સાથે ઘરો અને સરકારી ઇમારતો પર સોલાર પેનલ ઇન્સ્ટોલેશન દ્વારા વડનગરને ઊર્જાની દ્રષ્ટિએ વધુ ટકાઉ બનાવવાની દિશામાં કામ ચાલી રહ્યું છે.**

**આયોજનબદ્ધ પુનર્વસન અને સ્લમ રિડેવલપમેન્ટઃ આયોજનબદ્ધ પુનર્વસનની કામગીરી અને સ્લમ રિડેવલપમેન્ટ આયોજન દ્વારા શહેરી જીવનમાં સુધારો લાવવામાં આવશે.**

---

## પાણીથી ન્હાય તે "કપડાં" બદલી શકે છે, પણ પરસેવે ન્હાય તે "કિસ્મત" બદલી તંદુરસ્ત જીવન જીવી શકે છે



યશપાલસિંહ ટી. વાઘેલા
દરબાર ગઢ થરા



આજે ચિંતનાત્મક લેખમાં જોઇએ તો એક સમયે,એક રાજા રહેતા હતા.તેમની પાસે બધી જ સુખ-સુવિધાઓ હતી અને અસંખ્ય નોકરો હંમેશા તેમની સેવા કરવા માટે ઉપલબ્ધ રહેતા હતા.તેમને કોઈપણ વસ્તુ ની કમી નહોતી.છતાં,રાજા પોતાના જીવનથી નાખુશ હતા. તેઓ સતત બીમારીઓથી પીડાતા હતા બધા શ્રેષ્ઠ ચિકિત્સકો દ્વારા તેમની સારવાર કરવામાં આવતી હતી,પરંતુ તેઓ સ્વસ્થ થઈ શકતા ન હતા. સમય જતાંતેમની બીમારી વધુ ખરાબ થતી ગઈ. રાજદરબાર ચિંતિત થઈ ગયો રાજાની બીમારી દૂર કરવા માટે દરબારી ઓએ શહેરમાં જાહેરાત કરી કે જે કોઈ તેમનું સ્વાસ્થ્ય પાછું લાવી શકશે તેને અસંખ્ય સોનાના સિક્કાથી પુરસ્કાર આપવામાં આવશે.આ સાંભળીને,એક વૃદ્ધ માણસ સારવાર માટે રાજાના મહેલમાં ગયો.વૃદ્ધ માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું: ×મહારાજ, જો તમે પરવાનગી આપો તો હું તમારી બીમારી મટાડી શકું છું.×

રાજાની પરવાનગી મેળવીને, તેમણે જવાબ આપ્યો:×કૃપા કરીને સંપૂર્ણપણે ખુશ વ્યક્તિના વસ્ત્રો પહેરો;તમે ચોક્કસ સ્વસ્થ અને ખુશ થશો.×

વૃદ્ધ માણસના શબ્દો સાંભળીને રાજાના બધા મંત્રીઓ અને નોકરો જોરથી હસવા લાગ્યા. આ સાંભળીને વૃદ્ધે કહ્યું,×મહારાજ,તમે બધા ઉપાયો અજમાવી લીધા છે;આ પણ અજમાવી જુઓ;તમે ચોક્કસ સાજા થઈ જશો.×રાજા તેની સાથે સંમત થયા.×હું જઈશ.× રાજાએ તેની સાથે સંમતિ આપી અને પોતાના સેવકોને સુખી વ્યક્તિની શોધમાં રાજ્યના ખૂણે ખૂણે મોકલ્યા.પણ તેઓને કોઈ મળ્યું નહીં.તેના રાજ્યમાં દરેક વ્યક્તિ કોઈને કોઈ વાતથી નાખુશ હતા.હવે રાજા પોતે સુખી વ્યક્તિની શોધમાં નીકળ્યો ઉનાળાનો દિવસ ખૂબ જ ગરમી હતી,જેના કારણે તે અસ્વસ્થ થઈ રહ્યો હતો,અને તે એક ઝાડ ની છાયા નીચે આરામ કરવામાટે રોકાઈ ગયો.ત્યારે જ,તેણે એક મજૂરને ગરમીમાં કામ કરતો જોયો,તેણે તેને પૂછ્યું,×શું તું સંપૂર્ણપણે ખુશ છે?×

મજૂરે ખુશીથી અને સ્વાભાવિક રીતે જવાબ આપ્યો,×ભગવાનની કૃપાથી,હું સંપૂર્ણપણે ખુશ છું.

રાજા ખૂબ ખુશ થયો.તેણે મજૂર તરફ ઉપરથી નીચે સુધી જોયું, અને જોયું કે તેણે ફક્ત ધોતી પહેરી હતી અને સખત મહેનત થી પરસેવાથી તરબોળ હતો.

આ જોઈને,રાજા સમજી ગયો કે એક સામાન્ય મજૂર પણ ફક્ત સખત મહેનતને કારણે ખુશ હોય છે,જ્યારે રાજા કામ ન કરવાને કારણે બીમારીથી ઘેરાયેલો હોય છે.પાછા ફરતા, રાજાએ વૃદ્ધ માણસની કૃપા સ્વીકારીને, તેને અસંખ્ય સોનાના સિક્કા આપ્યા.હવે રાજાએ પોતે આરામ અને આળસ છોડી દીધી અને સખત મહેનત કરવા લાગ્યો અંદર થોડા દિવસોમાં,રાજા સંપૂર્ણપણે સ્વસ્થ અને ખુશ થઈ ગયો.

અનાદિ કાળથી મનને વિષયોનું ચિંતન કરવાથી આદત પડી છે, પણ તે જ મન જો શ્રીકૃષ્ણ કથા નું ચિંતન કરે, તો વિષયોનું ચિંતન કરવાની આદત છૂટે.

ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. ગોકુળની શ્રીકૃષ્ણલીલાનું આ તાત્પર્ય છે. ગોપીઓને મરતાં પહેલાં મુક્તિ મળે છે. મુક્તિ મર્યા પછી નહીં, પણ મર્યા પહેલાં મળે છે.ગોપી ભલે ઘરમાં રહે પણ તેનું મન ઘરમાં નથી, તેનું મન પ્રભુમાં છે. કોઈ પણ સાધન કર્યા વગર ધ્યાન ધર્યા વગર, ધારણ કર્યા વગર. ગોપીઓના મનને શ્રીકૃષ્ણમાં નિરોધ થયો છે. મહાપ્રભુએ કહ્યું કે, હું ગોપીઓને માર્ગ બતાવું છું. હું નવું કાંઈ કહેતો નથી. લૌકિક રૂપમાં જેવી આસક્તિ છે તેવી ભગવદાસક્તિ થાય છે તો સંસારનું બંધન છૂટી જાય છે.

શ્રીકૃષ્ણ સૌંદર્ય એવું છે કે, જેને જોયા પછી જગતનું સૌંદર્યજોવું ગમતું નથી.એસૌંદર્ય દેખાડી એક એક ઈન્દ્રિયને યુક્તિથી,વિષયો માંથી હઠાવી પરમાત્મા પોતાની પાસે ખેંચી લે છે.પરિણામે અનાયાસે શ્રીકૃષ્ણ કથામાં તન્મયતા થાય છે.

ભગવાનને પ્રાર્થના કરો કે,નાથ, મારા મનને ખેંચી લો.મારું મન શ્રીકૃષ્ણ વિના જગતના કોઈ જડ પદાર્થમાં ન જાઓ.પથરો પૂર્ણ જડ છે,મન પૂર્ણ જડ નથી. મન અર્ધચેતન અને અર્ધજડ છે. સંકલ્પ કરો તો મન હજારો માઈલ દૂર આવશે. મનનો જ્યારે લય થશે ત્યારે તે ઈશ્વરમાંજથશે મનનો લય જડ પદાર્થમાં થવાનો નથી.

સજાતીય વસ્તુ સજાતીયમાં ભળે છે. દૂધમાં મીસરી ભળે છે તેમ સજાતીય વસ્તુ વિજાતીયમાં નહીં ભળે. દૂધમાં પથ્થર નાંખશો તો ભળશે નહીં.જે ક્ષણે ક્ષણે સરે છે તે સંસારનો પ્રત્યેક પદાર્થ નાશવાન છે. મન નહીં ભળે. મન ઈશ્વરમાં જ ભળશે.ઈશ્વર સિવાય કોઈ વસ્તુમાં મન ભળતું નથી.ગોપીઓ શ્રીકૃષ્ણમાં મન રાખીને કામ કરતી. ઈશ્વરથી મન દૂર થશે તો બગડશે. ટૂંકમાં આપણે મનને મુક્ત કરવાનું છે, મનનો વિરોધ કરવાનો છે. મનને ઈશ્વર સાથે મેળવવાનું છે, બનાવવાનું છે.

ગોપીઓ જગતને ભૂલે અને શ્રીકૃષ્ણને એકલાને જ યાદ કરે છે. એને માટે આ શ્રીકૃષ્ણલીલા છે. તમે પણ શ્રીકૃષ્ણલીલામાં મન જોડી દો એટલે જગત ભૂલાશે.મરીને જીવે અને જીવીને મરે એ જ ખરો શૂરવીર.મરીને જીવે એને મુક્તિ મળે. મરણનું મરણ એ જ મુક્તિ છે.ગોપી ઘરનું કામ કરતી, પણ શ્રીકૃષ્ણ સાથે તે એવી તન્મય હતી કે, તે ન કરવાનું કામ કરી બેસતી એટલે ચૂલામાં લાકડાં સાથે રોટલી વણવાના વેલણ પણ બાળી મૂકતી.કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ એના કરતાં સાવધાન થઈ સમજપૂર્વક ઘર છોડવું સારું.

બુદ્ધિ પરમાત્માને પકડી શકતી નથી. બુદ્ધિની શેખી ત્યાં નથી ચાલતી. ઉપનિષદનું વચન છે કે, આ પરમાત્મા વેદોનું અધ્યયન કરવાથી મળતો નથી, બુદ્ધિચાતુરી કે શાસ્ત્રના બહુ શ્રવણથી પણ પ્રાપ્ત થતો નથી, પરંતુ પરમાત્મા જેના ઉપર કૃપા કરે છે તેને પ્રાપ્તિ થાય છે, તેની જ આગળ એ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.પરમાત્મા જેને પોતાનો માને છે, અપનાવે છે તેને પરમાત્મા મળે છે.શ્રીકૃષ્ણ પરમ પ્રેમનું સ્વરૂપ છે. પ્રેમ અને પરમ પ્રેમમાં તફાવતછે.પુત્ર,પત્ની સાથે સ્નેહ એ પ્રેમ, સર્વ જીવો સાથે નિઃસ્વાર્થ સ્નેહ એ પરમ પ્રેમ. જીવ વારંવાર પાપ કરે છે, તો પણ ઈશ્વર તેના ઉપર પ્રેમકરે છે. ઈશ્વર જીવને પ્રેમ આપે છે. પ્રેમનો વરસાદ વરસાવે છે અને જીવ પાસે ફક્ત એક પ્રેમ જ માગે છે. પરમાત્મા સાથે જે ખૂબ પ્રેમ કરે તેને પરમાત્માવશ થાયછે પરમાત્માને પ્રેમબળ સિવાય બીજા કશાથી જીતી શકાશે નહીં શરીરબળ,દ્રવ્યબળ,જ્ઞાનબળ વગેરે સર્વ બળની હાર થાય છે, ત્યારે પ્રેમબળની જીત થાય છે. પ્રેમબળ એ સર્વથી શ્રેષ્ઠ છે. પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન પ્રેમ છે. પોતાની ઈચ્છા જેવું કંઈ રાખો નહીં અને પરમાત્માની કૃપાથી હું સુખી છું એવું સતત સ્મરણ કરો અને પ્રભુના નામનો જપ કરો તો પરમાત્મા સાથે પ્રેમ થશે.આ રીતે પરમાત્મામાં પોતાનો પ્રેમ જોડી વૈષ્ણવો પરમાત્મા સાથે તન્મય થાય છે. જીવ પૂર્ણપણે ભગવાન ઉપર પ્રેમ કરે તો ભગવાન દુર્બળ બને છે અને તેને વશ થાય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ,આપણે ભૌતિક સુખ-સુવિધાઓથી એટલા ટેવાઈ ગયા છીએ કે આપણા શરીરની રોગ સામે લડવાની ક્ષમતા ઘટી રહી છે. આનાથી આપણે બીમારીનો ભોગ બની શકીએ છીએ. તેથી, સ્વસ્થ અને સુખી જીવનનું રહસ્ય એ છે કે યોગ,ધ્યાન, ચાલવા વગેરે જેવી કેટલીક શારીરિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવું અને શક્ય તેટલો શુદ્ધ, પૌષ્ટિક, ભેળસેળ રહિત ખોરાક લેવો. આપણે અહીં અટકીએ અસ્તુ.

### ૧૭ ફેબ્રુઆરીથી ૧૧ એપ્રિલ સુધી પરીક્ષા, મોબાઈલ–લાઉડ સ્પીકર–ઝેરોક્ષ પર સંપૂર્ણ પ્રતિબંધ

# સાબરકાંઠામાં CBSE ધોરણ ૧૦–૧૨ની પરીક્ષા દરમ્યાન ૧૦૦ મીટર વિસ્તારમાં કડક પ્રતિબંધ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની વાર્ષિક પરીક્ષા તા. ૧૭/૦૨/૨૦૨૬ થી ૧૧/૦૪/૨૦૨૬ દરમ્યાન સવારે ૯:૦૦ થી બપોરના ૨:૦૦ કલાક સુધી યોજાનાર છે. પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે, પરીક્ષાર્થીઓ નિર્ભય વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષાનું સંચાલન શાંતિપૂર્ણ રીતે થાય તે હેતુસર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરીક્ષા કેન્દ્રો આસપાસ કડક પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સાબરકાંઠા જિલ્લામાં વિવિધ શાળાઓમાં પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. આ તમામ કેન્દ્રો ખાતે ભારતીય નાગરિક સંહિતા–૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધો લાગુ કરાયા છે. પરીક્ષા શરૂ થાય તે સમયથી લઈને પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રની અંદર તથા તેની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, પેજર, સ્માર્ટ વોચ, ટેબલેટ, સ્માર્ટ પેન, કેલ્ક્યુલેટર કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ અથવા અનઅધિકૃત લેખન સામગ્રી સાથે પ્રવેશ કરી શકશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.



પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ લોકો ભેગા થવા, સૂત્રોચ્ચાર કરવા, રેલી કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત, પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટર સુધી ઝેરોક્ષ મશીન કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખી શકાશે નહીં. પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચે તે રીતે માઈક, મ્યુઝિક કે લાઉડ સ્પીકર વગાડવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાય નહીં તે માટે ખોદકામ ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

જાહેરનામા મુજબ, કોઈપણ પોલીસ અધિકારી કે કર્મચારીના સગા અથવા સંતાનો જો તે જ પેટા પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થી તરીકે ઉપસ્થિત હોય તો તે અધિકારીને તે કેન્દ્રમાં બંદોબસ્તની ફરજ સોંપવામાં આવશે નહીં. તેમજ કોઈ અઘટિત ઘટના સિવાય પોલીસ કર્મચારીઓ પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર પ્રવેશ કરી શકશે નહીં. પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પરીક્ષાની કામગીરી માટે નિમણૂક કરાયેલ અધિકૃત સ્ટાફ અને પરીક્ષાર્થીઓ સિવાય અન્ય કોઈ અનઅધિકૃત વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે નહીં.

અપવાદરૂપે, પરીક્ષા કામગીરીમાં રોકાયેલા અધિકારીઓ તેમના અધિકૃત મોબાઈલ ફોન સાથે રાખી શકશે, પરંતુ પરીક્ષા ખંડ કે લોબીમાં મોબાઈલ લઈ જવા કે તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ રહેશે. અન્ય સંસ્થાની પરીક્ષામાં નિમાયેલ સ્ટાફને તેમના આઈડી કાર્ડ અથવા નિમણૂક ઓર્ડર રજૂ કરવા ફરજિયાત રહેશે. આવશ્યક સેવાઓ અથવા આકસ્મિક કામગીરી માટે પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા પહેલા સક્ષમ અધિકારીની મંજૂરી લેવી પડશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સજા ફટકારવામાં આવશે, તેવી ચેતવણી વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવી છે.

### ડીસા ભોપાનગર ફાટક પર ઓવરબ્રિજનું કામ શરૂ

## વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો વર્ષોની માંગ બાદ ટ્રાફિક સમસ્યાનો અંત આવશે

(ગરવી તાકાત) ડીસા તા.૧૭

ડીસા નજીક ભોપાનગર રેલવે ફાટક પર ઓવરબ્રિજ બનાવવાનું કામ શરૂ થઈ ગયું છે. ડીસા-પાટણ નેશનલ હાઈવે નંબર ૨૬ પર આવેલા આ ફાટક પર વારંવાર ટ્રાફિક જામ થતો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો.

રેલવે લાઈનના ડબલિંગ બાદ માલગાડીઓની અવરજવર વધી છે. ઘણીવાર એકસાથે બે માલગાડીઓની અવરજવરને કારણે ફાટક લાંબા સમય સુધી બંધ રહેતું હતું. આનાથી એમ્બ્યુલન્સ, શાળાની બસો અને નોકરીયાત વર્ગ સહિતના વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહેતા હતા.

વર્ષોની રજૂઆતો બાદ રાજ્ય સરકારે આ સ્થળે ૮૦૦ મીટર લાંબો ઓવરબ્રિજ બનાવવા માટે ૮૭ કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરી છે. ગયા મહિને સોઈલ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું, અને હવે કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.



પ્રથમ તબક્કામાં ટ્રાફિક નિયમન માટે રોડ પર પતરાની આડશો મૂકી વૈકલ્પિક રસ્તાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ કામગીરી શરૂ થતાં ડીસા સહિત બનાસકાંઠાના લોકોને વર્ષોથી ચાલી આવતી ટ્રાફિક સમસ્યામાંથી રાહત મળશે.ડીસા ઉત્તર ગુજરાતનું એક મોટું વેપારી મથક અને બટાકાની ખેતી માટે જાણીતું શહેર છે. ભોપાનગર ફાટક ડીસાને પાટણ અને કાઠિયાવાડના મુખ્ય માર્ગો સાથે જોડે છે. આ બ્રિજ તૈયાર થવાથી વેપાર અને પરિવહનને વેગ મળશે, તેમજ માલ-સામાનની હેરફેર ઝડપી બનશે, જેનાથી ઈંધણ અને સમયની બચત થશે.ઓવરબ્રિજની કામગીરી શરૂ થતાની સાથે જ તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગો અને ટ્રાફિક ડાયવર્ઝન માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સ્થાનિક રહીશોએ સરકાર અને તંત્રના આ નિર્ણયને આવકારી ઝડપથી કામ પૂર્ણ કરવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

### હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલના હસ્તે

## રૂપિયા ૧ કરોડ ૬૨ લાખના ખર્ચે નિર્મિત આધુનિક ડિસ્ટ્રિક્ટ વેક્સીન સ્ટોરનું લોકાર્પણ કરવામાં આવ્યું

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૭

દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રીના "સ્વસ્થ અને વિકસિત ભારત"ના વિઝન તેમજ માતા અને બાળ મરણદર ઘટાડવાના ઉમદા ધ્યેયને સાકાર કરવા હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલના હસ્તે રૂ.૧ કરોડ ૬૨ લાખના ખર્ચે નિર્મિત આધુનિક ડિસ્ટ્રિક્ટ વેક્સીન સ્ટોરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ અદ્યતન ડિસ્ટ્રિક્ટ વેક્સીન સ્ટોર દ્વારા છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત રસીકરણ સેવા સુનિશ્ચિત બનશે.

જિલ્લામાં ચાલતા સર્વગ્રાહી રસીકરણ કાર્યક્રમને વધુ સુદ્રઢ બનાવવા ?૧.૬૨ કરોડના ખર્ચે આધુનિક તકનીકી સુવિધાઓથી સજ્જ વેક્સીન સ્ટોર કાર્યરત કરવામાં આવ્યો છે.

આ સ્ટોર જિલ્લાની ૩૨,૦૦૦થી વધુ સગર્ભા માતાઓ અને ૩૦,૩૦૦થી વધુ ૦ થી ૫ વર્ષના



બાળકોને અપાતી નવ પ્રકારની જીવનરક્ષક રસીઓ (**BCG, OPV, Pentavalent, MR, Td** વગેરે) માટે વૈજ્ઞાનિક અને પ્રમાણભૂત કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ સિસ્ટમ જાળવવામાં કેન્દ્રસ્થ ભૂમિકા ભજવશે.આ સ્ટોરની મુખ્ય તકનીકી સુવિધાઓમાં ૨°C થી ૮°C તાપમાન જાળવવા માટે અદ્યતન આઈસ લાઈન્ડ રેફરીજરેટર,(**ILR**) અને **Deep Freezer Units**, ૨૪૮૭ સતત મોનીટરીંગ માટે **Digital Data Logger** અને રિમોટ ટેમ્પરેચર ટ્રેકિંગ સિસ્ટમ,અચાનક વીજ પુરવઠો ખોરવાય ત્યારે કાર્યરત રહે તે માટે જનરેટર આધારિત પાવર બેકઅપ,તાપમાન ભંગ થાય ત્યારે તરત જાણ થાય તેવી ઑટોમેટેડ એલાર્મ સિસ્ટમ, **Vaccine Vial Monitor (VVM)** દ્વારા રસીની પોટેન્સી અને હીટ એક્સપોઝરનું નિરીક્ષણ, **WHO** માર્ગદર્શિકા મુજબ વૈજ્ઞાનિક સંગ્રહ, હેન્ડલિંગ અને વિતરણ વ્યવસ્થા ઉપલબ્ધ છે. રસીઓની પોટેન્સી, સ્ટેબિલિટી અને ઈમ્યુનોજેનિસિટી જાળવવા માટે શીત શૃંખલા અનિવાર્ય છે. યોગ્ય તાપમાન જાળવણી દ્વારા રસીની અસરકારકતા સુરક્ષિત રહે છે. જેનાથી માતા અને બાળ આરોગ્ય સૂચકાંકોમાં ગુણાત્મક સુધારો થાય છે તથા વેક્સીન પ્રિવેન્ટેબલ ડિસીઝિસ (**VPDs**) સામે મજબૂત રક્ષણ મળે છે.

આ ઉદઘાટન સમયે વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા તેમજ આરોગ્ય શાખાના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### થરાદ પોલીસે ડ્રગ્સ સાથે બે આરોપી ઝડપ્યા : કાર્યવાહીનો ધમધમાટ શરૂ

## પોલીસે વોચ ગોઠવી બંને શખસને પકડી પાડ્યા, રૂ.૬,૯૬૦નું મેફેડ્રોન જપ્ત, SPની ઝીરો ટોલરન્સ નીતિ

(ગરવી તાકાત) વાવ તા.૧૭

થરાદ પોલીસે ડ્રગ્સ વિરોધી ઝુંબેશ અંતર્ગત બે શખ્સોને મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ?૬,૯૬૦ની કિંમતનું ૨.૩૨૦ ગ્રામ મેફેડ્રોન જપ્ત કર્યું હતું. આ અંગેની માહિતી થરાદ પોલીસે પ્રેસ કોન્ફરન્સ યોજીને આપી હતી.

પોલીસ અધિક્ષક (**SP**) અને મદદનીશ પોલીસ અધિક્ષક (**ASP**) ચિંતન તેરૈયાની ડ્રગ્સ પ્રત્યેની 'ઝીરો ટોલરન્સ' નીતિ હેઠળ તમામ પોલીસ સ્ટાફને કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી.

થરાદ ટાઉન બીટના ઈન્ચાર્જને ખાનગી બાતમી મળી હતી કે થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે વ્યક્તિઓ ડ્રગ્સનું વેચાણ કરવા આવવાના છે.

આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બંને શખ્સોને પકડી પાડ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓની ઓળખ સુજલ યાસીનભાઈ સિપાઈ



**થરાદ ટાઉન બીટના ઇન્ચાર્જને ખાનગી બાતમી મળી હતી કે થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે વ્યક્તિઓ ડ્રગ્સનું વેચાણ કરવા આવવાના છે.**

(રહે. ઘોરાવાસ, તા. થરાદ) અને સાહિલ ગનીભાઈ ઘાંચી (રહે. પંચવટી, થરાદ) તરીકે થઈ છે. પોલીસે ડ્રગ્સ અને અન્ય સાધનો સહિત કુલ ?૮૧,૯૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બંને આરોપીઓ વિરુદ્ધ **NDPS** એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કોને આપવાનું હતું તે અંગેની વધુ તપાસ **SOG PI** એ.જી. રબારીને સોંપવામાં આવી છે.

પોલીસ અધિકારીએ આ મામલે કડક ચેતવણી આપતા જણાવ્યું હતું કે, ×એસપી સાહેબનો સ્પષ્ટ સંદેશ છે કે જો તમે આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોવ તો સુધરી જજો, બાકી કોઈ પણ ગુનેગારને છોડવામાં આવશે નહીં.×

## અંબાજી મંદિરમાં હોળી, ચંદ્રગ્રહણને કારણે દર્શન સમય બદલાયો ટ્રસ્ટ દ્વારા ફાગણ સુદ પૂનમ માટે નવું સમયપત્રક જાહેર કરાયું

(ગરવી તાકાત) અંબાજી તા.૧૭

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા હોળી અને ફાગણ સુદ પૂનમના ચંદ્રગ્રહણને કારણે દર્શન તથા આરતીના સમયમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી છે. ભક્તોની જાણકારી માટે એક નવું સમયપત્રક પ્રસિદ્ધ કરાયું છે.

આગામી ૨ માર્ચ, ૨૦૨૬, સોમવાર (ફાગણ સુદ ચૌદશ) ના રોજ હોળી પર્વ નિમિત્તે મંદિરમાં વિશેષ આયોજન કરાયું છે. આ દિવસે સવારે ૭:૩૦ થી ૮:૦૦ કલાકે આરતી થશે, ત્યારબાદ ૮:૦૦ થી ૧૧:૩૦ સુધી ભક્તો દર્શન કરી શકશે. બપોરે ૧૨:૦૦ કલાકે રાજભોગ ધરાવવામાં આવશે.

સાંજે ૬:૩૦ કલાકે હોળી પ્રગટાવવામાં આવશે. હોળી બાદ સાંજની આરતી ૭:૩૦ થી ૮:૦૦ કલાકે થશે અને રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે. ૩ માર્ચ, ૨૦૨૬, મંગળવાર (ફાગણ સુદ પૂનમ)ના રોજ ચંદ્રગ્રહણને કારણે સવારે વહેલા ૬:૦૦ થી ૬:૩૦ કલાકે આરતી અને ૬:૩૦ થી ૭:૩૦ સુધી દર્શનનો લાભ મળશે.

સવારે ૭:૩૦થી ૮:૦૦ કલાકે રાજભોગ ધરાવ્યા બાદ સવારના



**આગામી ૨ માર્ચ, ૨૦૨૬, સોમવાર (ફાગણ સુદ ચૌદશ) ના રોજ હોળી પર્વ નિમિત્તે મંદિરમાં વિશેષ આયોજન કરાયું છે. આ દિવસે સવારે ૭:૩૦ થી ૮:૦૦ કલાકે આરતી થશે, ત્યારબાદ ૮:૦૦ થી ૧૧:૩૦ સુધી ભક્તો દર્શન કરી શકશે. બપોરે ૧૨:૦૦ કલાકે રાજભોગ ધરાવવામાં આવશે.**

૮:૦૦ વાગ્યાથી રાત્રિના ૯:૩૦ વાગ્યા સુધી મુખ્ય દર્શન બંધ રહેશે. જોકે, ભક્તોની સુવિધા માટે નૃત્ય મંડપમાંથી દર્શનનો સમય સવારે ૯:૪૫થી બપોરે ૨:૦૦ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે. ગ્રહણ બાદ રાત્રે આશરે ૯:૩૦ કલાકે શયનકાળની આરતી કરવામાં આવશે.

ચંદ્રગ્રહણ અને હોળીના આ વિશેષ સમયપત્રક બાદ ૪ માર્ચ, ૨૦૨૬, બુધવાર (ફાગણ વદ એકમ) થી માતાજીના દર્શન અને આરતી તમામ ભક્તો માટે રાબેતા મુજબના સમયે શરૂ કરવામાં આવશે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જાહેર જનતા અને માઈ ભક્તોને આ સમયની નોંધ લઈને દર્શન માટે આવવા વિનંતી કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાબરકાંઠા જિલ્લામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા ઈનપુટ ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે સાબરકાંઠાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ક્રિષ્ણા વાઘેલા તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૪/૩/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધીના સમયગાળા દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદારશ્રી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય ચાર કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવા ઉપર, સરકારી કચેરીઓ આગળ ધરણા ઉપવાસ, દેખાવોની પ્રવૃતિ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ પ્રતિબંધ પૂર્વ મંજૂરી લીધેલ હશે તેને લાગુ પડશે નહીં. આ પ્રતિબંધક હુકમનો ભંગ કરનાર વ્યાક્તિ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

### પાલનપુરમાં નગરપાલિકાએ ૯ દુકાનો સીલ કરી વેરો ન ભરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં નગરપાલિકાએ વેરો ન ભરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરી છે. પાલિકાએ સીટીલાઈટ રોડ પર આવેલી ૯ દુકાનોને સીલ કરી દીધી છે. આ કાર્યવાહી બાકી વેરાની વસૂલાત માટે કરવામાં આવી હતી. આ દુકાનો સીટીલાઈટ રોડ પર પ્રથમ



માળે આવેલી છે. લાંબા સમયથી વેરો બાકી હોવાને કારણે નગરપાલિકા દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે.

બાકી વેરાની વસૂલાત માટે પાલિકાની આ કડક કાર્યવાહીને પગલે અન્ય બાકીદારોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. પાલિકાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે વેરો ભરવામાં વિલંબ કરનારા સામે સખ્ત પગલાં લેવાશે.

આ સીલિંગની કામગીરી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૭ કલાકે હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં ટેક્સ ઈન્સ્પેક્ટર નરેશભાઈ જોશી, મહેન્દ્રભાઈ ડામોર, પ્રવીણભાઈ ડાભી, દશરથજી ઠાકોર અને બિપિન પરમાર સહિતના અધિકારીઓ જોડાયા હતા.

### ગંદા પાણી રોડ ઉપર આવ્યા:પાલનપુર જુના માર્કેટયાર્ડના માર્ગે ગટર ઉભરાતાં ગંદા પાણી રેલાયાં



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

પાલનપુર જુના માર્કેટયાર્ડની પાછળના ભાગે અંબિકાનગરને સાંકળતા માર્ગ ઉપર નાળા નીચે ગટર ઉભરાતાં ગંદા પાણી રોડ ઉપર વહી રહ્યા છે. જેના કારણે આજુબાજુની સોસાયટીના રહિશો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ગટરની સત્વરે સફાઈ કરવામાં આવે તેવી માંગણી છે.

પાલનપુર જુના માર્કેટયાર્ડમાં વર્તમાન સમયે હોલસેલ કરિયાણા, દુકાનની ચિજવસ્તુઓ, ખાતર, બિયારણની દુકાનો આવેલી છે. જેની પાછળ નાળા નીચે ગટર ઉભરાઈ રહી છે. જેના પાણી અંબિકાનગરના અડધા માર્ગ સુધી રેલાઈ રહ્યા છે.

રાહદારીઓ તેમજ સોસાયટીના રહિશોને ગંદા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે. રહિશોએ જણાવ્યું હતુ કે, નગરપાલિકામાં વારંવાર રજૂઆતો કરવા છતાં કામગીરી થતી નથી.

### રાજગરાના વેપારનું મુખ્ય કેન્દ્ર બન્યું પાલનપુર યાર્ડ

### પાલનપુર માર્કેટયાર્ડ રાજ્યના ૫૦ ટકા રાજગરાના વેપારનું એક માત્ર કેન્દ્ર બન્યું

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

પાલનપુર માર્કેટયાર્ડ રાજગરાના વેપારનું મુખ્ય કેન્દ્ર બની ઉભરી આવ્યું છે.રાજ્યભરમાં થતી કુલ રાજગરાની આવકમાંથી અંદાજે ૫૦ ટકા જેટલો હિસ્સો અહીંથી ખરીદી-વેચાણ થાય છે.છેલ્લા પાંચ વર્ષ દરમિયાન



રાજગરાના ભાવોમાં આશરે ૧૫૦ ટકા સુધીનો નોંધપાત્ર વધારો થયો છે.હાલમાં રાજગરાના ૨૦ કિલોના રૂ.૧૭૦૦ સુધીના ભાવ પડી રહ્યા છે.રાજ્યના કુલ ઉત્પાદનમાંથી અંદાજે ૫૦ ટકા હિસ્સો પાલનપુર કેન્દ્ર પરથી વેચાય છે. છેલ્લા પાંચ વર્ષમાં ભાવ રૂ.૧૦૦૦ થી વધીને રૂ.૨૫૦૦ સુધી પહોંચ્યા હતા.વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં ૨૦ કિલોના ભાવ રૂ.૧૧૦૦ થી ૧૩૦૦ રહ્યા હતા, જ્યારે હાલ જૂના જથ્થા અને નવા માલને રૂ. ૧૫૦૦ થી ૧૭૦૦ સુધી ભાવ મળી રહ્યા છે.. વેચાણ માટે બજાર વિસ્તાર અને અન્ય તાલુકાના ખેડૂત-વેપારીઓ મોટી સંખ્યામાં પાલનપુર માર્કેટયાર્ડ ખાતે આવે છે. અન્ય સેન્ટરોનો માલ પણ અહીં આવતાં, માર્કેટયાર્ડ રાજગરા વેપારનું કેન્દ્ર બન્યું છે.બનાસકાંઠામાં રાજગરાના ભાવ વર્ષ ૨૦૨૧ માં ૧૦૦૦, ૨૦૨૨ માં ૧૨૦૦, ૨૦૨૩ માં વરસાદના કારણે અને માંગ વધતા ૨૫૦૦ સુધી ભાવ ગયા હતા.૨૦૨૪ માં ૧૦૩૦ અને ૨૦૨૫ માં ૧૧૦૦ થી ૧૭૦૦ સુધીનો ભાવ મળે છે.

Volume : 11 Issue : 303 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002